ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

૧૨ | મંગળવાર ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ | કામરેજ | પલસાણા | ઓલપાડ | સાયણ | કીમ-કોસંબા | કડોદ | માંડવી | મહુવા | વાલોડ | સોનગઢ | ઉકાઇ | અંકલેશ્વર | હાંસોટ

સંક્ષિપ્ત સમાચાર

બારડોલીમાં ગણપતિ વિસર્જન યાત્રા પરંપરાગત માર્ગે જ નીકળશે

બારડોલી: આગામી ૨પમી તારીખે યોજનાર ગણેશ વિસર્જનને લઇને બારડોલી વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે વર્ષોની પ્રણાલી મુજબ રાજમાર્ગનો રૂટ જ યથાવત્ રાખવામાં આવ્યો છે અને તેમાં કોઈ જ બદલાવ કરવામાં આવ્યો નથી. બપોરે ૧૨ વાગ્યે બારડોલીના સ્ટેશન ચાર રસ્તા ખાતેથી આ સામૂહિક વિસર્જન યાત્રાનો પ્રારંભ થશે. મૂર્તિ વિસર્જનના નિયમો અંગે વહીવટી તંત્રએ સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરી છે, જેમાં ૪ ફૂટ સુધીની માટીની ગણેશ પ્રતિમાઓનું વિસર્જન રામજી મંદિર નજીક આવેલા મીંઢોળા નદીના ઓવારા પરથી કરી શકાશે. જ્યારે અન્ય બનાવટની તેમજ ૪ ફૂટથી મોટી તમામ મૂર્તિઓનું વિસર્જન બારડોલીના ભુવાસણ ગામે આવેલા તળાવમાં જ કરવાનું રહેશે.

નિકોરામાં જર્જરિત દીવાલ ધસી પડતાં 9 વર્ષના બાળકનું મોત

ભરૂચ: ભરૂચના નિકોરામાં આવેલી જર્જરિત મકાનની દીવાલ અચાનક ધસી પડતાં દીવાલના કાટમાળ નીચે દબાઈ જવાથી 9 વર્ષના માસૂમ બાળક દીપ પટેલનું ઘટના સ્થળે જ શ્વાસ થંભી જતાં તેનું કરુણ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો તરત જ સ્થળ પર દોડી ગયા હતા અને કાટમાળ હટાવવાનું કામ શરૂ કર્યું હતું. જોકે, બાળકને બહાર કાઢવામાં આવે ત્યાં સુધીમાં તેણે જીવ ગુમાવી દીધો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આ બનાવને કારણે નિકોરા ગામમાં શોકનો માહોલ ફેલાઈ ગયો છે. પોલીસે ઘટનાની જાણ થતાં જ સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી છે. દીવાલ કયાં કારણોસર પડી તે સહિતની વિગતો અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ભરૂચ પાલિકામાં સેવા સેતુ કાર્યક્રમ

ભરૂચ: ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર અને ભરૂચ નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે સોમવારે આત્મીય સંસ્કાર ધામ હોલ ખાતે ૧૨મા 'સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરૂચ નગરપાલિકાના વોર્ડ નંબર ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૧૧ના રહીશો માટે યોજાયેલા આ કેમ્પમાં ૧૮થી વધુ વિવિધ સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જેમાં આવક, જાતિ, ક્રિમિલેયર, ડોમિસાબાઇલ તથા વરિષ્ઠ નાગરિકતાં પ્રમાણપત્રો, વિધવા અને નિરાધાર વૃદ્ધ સહાય, દિવ્યાંગતા પ્રમાણપત્રો, જમીન માપણી/નોંધ, DGVCL લાઇટબિલ ક્લેક્શન સહિતનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં નગરપાલિકાના વિવિધ વોર્ડના કોર્પોરેટરો, શહેરના અગ્રણીઓ, નગરપાલિકાના મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલ, વિવિધ વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓ તેમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભરૂચમાં નવનિર્મિત અદ્યતન ફાયર સ્ટેશનનું લોકાર્પણ

ભરૂચ: રાજ્ય સરકારના શહેરી વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા અંદાજિત રૂ.૪.૮૮ કરોડના ખર્ચે ભરૂચ નગરપાલિકાના નવનિર્મિત અદ્યતન ફાયર સ્ટેશનનું ભરૂચના ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જ્યોતિ નગર પાણીની ટાંકી પાસે તૈયાર કરવામાં આવેલા આ ફાયર સ્ટેશનથી ભરૂચ શહેર તેમજ આસપાસના વિસ્તારોની સુરક્ષામાં વધારો થશે. આ પ્રસંગે ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, આપાતકાલીન સ્થિતિમાં ફાયર બ્રિગેડના જવાનોએ હંમેશાં નાગરિકોના જીવ બચાવવાનું ઉત્કૃષ્ટ કાર્ય કર્યું છે. આ નવ નિર્મિત ફાયર સ્ટેશન કાર્યરત થવાથી ફાયર બ્રિગેડની કાર્યક્ષમતામાં અનેકગણો વધારો થશે.

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠક મળી

અંકલેશ્વર: આગામી ગણેશ વિસર્જનને અનુલક્ષીને અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથક ખાતે ડીવાયએસપી ડો.કુશલ ઓઝાની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પોલીસ અધિકારીઓ, શાંતિ સમિતિના સભ્યો, ગણેશ મંડળોના આગેવાનો, સામાજિક આગેવાનો તેમજ સ્થાનિક પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. વિસર્જન સ્થળે સુરક્ષા વ્યવસ્થા, ગણેશ મંડળોના સરઘસના રૂટ, વાહન વ્યવહાર, ટ્રાફિક વ્યવસ્થા તથા ભીડ નિયંત્રણ સહિતના મુદ્દાઓ પર પોલીસ અધિકારીઓ દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કડોદમાં ગણેશજીની વિસર્જન યાત્રા નીકળી

કડોદ: કડોદ ખાતે રાષ્ટ્ર સેવા યુવા સંગઠન દ્વારા આયોજિત ગણેશ મહોત્સવના સાતમા દિવસે જયઘોષ સાથે ભવ્ય વિસર્જન યાત્રા નીકળી હતી. સંગઠન, એકતા અને સંસ્કારના ઉદ્દેશથી યોજાયેલા આ ઉત્સવમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. પોલીસે સુચારુ બંદોબસ્ત સાથે કાર્યક્રમ નિર્વિઘ્ન સંપન્ન કરાવ્યો હતો.

કુકરમુંડામાં છેતરપિંડીના ગુનામાં બે આરોપી નાશિકથી ઝડપાયા

કુકરમુંડા: કુકરમુંડા વિસ્તારમાં રૂ.5.79 કરોડથી વધુની ઠગાઈ આચરનાર બે ઠગને પોલીસે ઝડપી પાડ્યા છે. વર્ષ-2025 દરમિયાન આરોપી જીતેન્દ્ર સોન્કે અને સ્વેતા સાવંતે INDIA INFOLINE SECURITIES LTDની ફ્રેન્ચાઈઝી હોવાનો દાવો કરી ફરિયાદી દીપકભાઈ દહિયા સહિત 37 લોકોને 35 દિવસમાં 35%થી 82% સુધીના નફાની લાલચ આપી હતી. આરોપીઓએ બોગસ સ્ટેમ્પ પેપર, ચેક અને ખોટા સ્ટેટમેન્ટ આપી વિશ્વાસ કેળવ્યો હતો. તેમણે રૂ.1.53 કરોડની રકમ પરત ન કરતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. PI આઈ.ડી.દેસાઈના માર્ગદર્શન હેઠળ નાશિકથી બંનેની ધરપકડ કરી, કોર્ટમાંથી 3 દિવસનાં રિમાન્ડ મેળવવામાં આવ્યાં હતું.

તરસાડીની શાલીમાર સોસાયટીમાં પીવાનું પાણી ગંદું આવતાં લોકરોષ

ચીફ ઓફિસરને રજૂઆત કરતાં દોડતા થયેલા તંત્રએ પાણીનાં સેમ્પલ લીધાં

ઈબ્રાહીમ કાનુ

હથોડા: તરસાડી નગરપાલિકા વિસ્તારમાં આવેલા શાલીમાર સોસાયટી ખાતે છેલ્લા કેટલાક દિવસોથી પીવાનું પાણી અત્યંત ગંદું અને ડહોળું આવી રહ્યું હોવાથી સ્થાનિક રહીશોમાં રોષ વ્યાપી ગયો છે. પીવા અયોગ્ય અને મોઢે ન લગાડી શકાય તેવા દૂષિત પાણીના કારણે વિસ્તારમાં ગંભીર રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત ઊભી થઈ છે.

આ સમસ્યા અંગે સોસાયટીના જાગૃત નાગરિકો બળવંતભાઈ ઈશ્વરભાઈ પંચાલ, રફિકભાઈ મલેક, મેહુલ પટેલ અને જીતુભાઈ પરમાર સહિતના સંખ્યાબંધ રહીશોએ એકત્ર થઈને તરસાડી નગરપાલિકાના ચીફ ઓફિસરને વોટ્સએપના માધ્યમથી લેખિતમાં ઉગ્ર રજૂઆત કરી હતી. રહીશોની રજૂઆતને પગલે તાત્કાલિક હરકતમાં આવેલા ચીફ ઓફિસરે પાણી સમિતિના કર્મચારી ભાવેશ પરમારને ઘટના સ્થળે દોડાવ્યા હતા. પાલિકાની ટીમે સ્થળ પર પહોંચીને તાત્કાલિક પાણીનાં સેમ્પલ લીધાં હતાં અને પાણી ક્યાંથી અને કયા કારણે દૂષિત થઈ રહ્યું છે તેની તપાસ હાથ ધરી હતી.

સ્થાનિક નાગરિક બળવંતભાઈ પંચાલે જણાવ્યું હતું કે, તરસાડી નગરમાં વારંવાર લાઈનમાંથી ગંદું પાણી આવવાની સમસ્યા સર્જાય છે. આ કાયમી હાડમારીમાંથી પ્રજાને મુક્તિ અપાવવા માટે નગરપાલિકાએ પાણીનું ટેસ્ટિંગ કરવા માટેનું નવું મશીન ખરીદવું જોઈએ અથવા તો ભાડે રાખવું જોઈએ. તંત્ર દ્વારા યોગ્ય તપાસ કરી વહેલી તકે શુદ્ધ પાણી પૂરું પાડવામાં આવે તેવી માંગ ઊઠી છે.

અંકલેશ્વર શહેર ગાઢ ધુમ્મસ સાથે સફેદ ચાદરમાં ઢંકાયું



સુરેશ ગાંધી

- અંકલેશ્વર: અંકલેશ્વરમાં ચોમાસાની વિદાય વચ્ચે સોમવારે વહેલી સવારે વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. વહેલી સવારથી સમગ્ર શહેર અને આસપાસના વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાઈ જતાં અંકલેશ્વર જાણે સફેદ ચાદરમાં ઢંકાઈ ગયું હોય તેવો નજારો જોવા મળ્યો હતો. સવારના સમયે રસ્તા, રહેણાક વિસ્તારો અને ખુલ્લા મેદાનોમાં ધુમ્મસની ચાદર પથરાઈ ગઈ હતી. ગાઢ ધુમ્મસને કારણે આસપાસનું દૃશ્ય ધૂંધળું બની ગયું હતું અને વાહનચાલકોને રસ્તો જોવામાં મુશ્કેલી પડી હતી. ખાસ કરીને મુખ્ય માર્ગો પર વિઝિબિલિટી ઘટી જતાં વાહનચાલકોએ સાવચેતી સાથે વાહન હંકારવાની ફરજ પડી હતી.

માણેકપુરમાં કન્ટેનર ઝાડ સાથે અથડાતાં ક્લીનરનું મોત

વ્યારા: ગત તા.21-8-2026ના રોજ રાત્રિના એક વાગ્યાના અરસામાં માણેકપુરમાં કન્ટેનર નં.(NL 01 AA 2385)ના ચાલકે સામેથી આવતી ટ્રાવેલ્સના ચાલકે ડિપર મારતાં કન્ટેનરના ચાલકે પોતાની આંખ અંજાઈ જતાં કન્ટેનર પરથી કાબૂ ગુમાવી દેતાં કન્ટેનર રોડની બાજુમાં ઝાડ સાથે અથડાઈ જતાં ક્લીનર ગોવિંદસિંહ તુફાનસિંહ મકવાણા (ઉં.વ.29) (રહે.,કવડી ગામ, તા.જિ.દેવાસ, મધ્યપ્રદેશ)નું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે શિવરાજસિંહ રાજેન્દ્રસિંહ ચાવડા (ઉં.વ.24) (રહે.,કવડી ગામ, તા.જિ.દેવાસ, મધ્યપ્રદેશ)ને માથા અને કપાળના ભાગે ઈજા પહોંચી હતી. જે અંગે પોલીસે કન્ટેનર ચાલક ભૂપેન્દ્રસિંહ ચૌહાણ (રહે.,કવડી, તા.જિ. દેવાસ, મધ્યપ્રદેશ) વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

'તારા મોટા ભાઈએ અમને બેંકની નોટિસ કેમ મોકલી?' કહી હુમલો

કોસંબા મર્કન્ટાઇલ બેંકના એમડીના ભાઈને પતિ-પત્નીએ માર મારતાં પોલીસ ફરિયાદ

હથોડા: તરસાડીના દત્તનગર વિસ્તારમાં આવેલી સલીમ ટોકીઝ નજીક કોસંબા મર્કન્ટાઈલ બેંકના ચેરમેનના નાના ભાઈ પર એક દંપતીએ ગાળો ભાંડીને હુમલો કર્યો હતો.

આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે અને ભોગ બનનારની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર તરસાડીની જલારામ સોસાયટીમાં રહેતા અને છેલ્લાં ૨૫ વર્ષથી કોસંબા મર્કન્ટાઈલ બેંકમાં દૈનિક બચત એજન્ટ તરીકે ફરજ બજાવતા અશોકકુમાર ગેમલસિંહ ગોહિલ સાંજના પાંચેક વાગ્યે દત્તનગર ખાતે રહેતાં છાયાબેન જાદવના ઘરે પૈસાના કલેક્શન માટે ગયા હતા. આ સમયે અંકલેશ્વરના સિસોદ્રા ગામના રહેવાસી જૈનિશકુમાર ફતેસિંહ રાણા અને તેમની પત્ની દિવ્યાબેન રાણા ત્યાં ધસી આવ્યાં હતાં. તેઓએ અશોકકુમારને કહ્યું કે, તારા મોટા ભાઈ ભરતસિંહ ગોહિલે અમને કારણ વગર નોટિસ આપી છે, તમે બધા એક જ છો તેમ કહીને ગાળો આપી હતી અને પીઠ ઉપર હુમલા સાથે ગાલ પર તમાચા માર્યા હતા. આસપાસના લોકો દોડી આવતાં હુમલાખોર દંપતી ત્યાંથી ફરાર થઈ ગયું હતું. આ હુમલા પાછળનું મુખ્ય કારણ બેંક દ્વારા અપાયેલી કાનૂની નોટિસ છે. હુમલાખોર દિવ્યાબેન અગાઉ આ જ બેંકમાં કેશિયર હતાં.

ડિસેમ્બર-૨૦૨૫માં તેમણે સોશિયલ મીડિયા પર બેંકના ડિરેક્ટર અને મેનેજર સ્ટાફે રૂપિયા ૨૫ લાખની ઉચાપત કરાઈ હોવાના આક્ષેપ કરતો વિડીયો મૂકી અરજીઓ કરી હતી. જોકે, તપાસમાં કોઈ નક્કર પુરાવા ન મળતાં બેંકના ડિરેક્ટરે દિવ્યાબેન પર માનહાનિનો દાવો માંડીને ગત તા.૧૦-૯-૨૦૨૬ના રોજ વકીલ મારફતે નોટિસ મોકલાવી હતી. આ જ નોટિસની અદાવત રાખીને દંપતીએ બેંકના એમડીના ભાઈ પર હુમલો કરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

પરબમાં બારીમાંથી સળિયો નાંખવા જતાં ત્રણને કરંટ લાગ્યો, એકનું મોત

કામરેજ: પરબ ગામે આવેલી શુભ ઈન્ડસ્ટ્રિઝમાં નવા બની રહેલા મકાનના બીજા માળે સાફસફાઈ દરમિયાન બારીમાંથી લોખંડનો સળિયો બહાર ફેંકવા જતાં નજીકમાંથી પસાર થતી વીજ લાઈન સાથે અડી જવાથી ત્રણ શ્રમિકને ભારે કરંટ લાગ્યો હતો. આ અકસ્માતમાં મૂળ રાજસ્થાનના ૧૮ વર્ષીય યુવક સુનીલ થાવરચંદ ડામોરને ગંભીર અસર થતાં બેભાન થઈ ગયો હતો. તેને તાત્કાલિક ચલથાણની સંજીવની હોસ્પિટલ ખસેડવામાં આવતાં તબીબોએ મૃત જાહેર કર્યો હતો. જ્યારે સાથે કામ કરતી તેની પત્ની મેમલાબેન અને અન્ય મહિલા લતાબેનને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી છે. ઘટના અંગે કામરેજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું એકતાનગર ખાતે આગમન

રાજપીપળા: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું સોમવારે નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે આગમન થયું હતું. રાષ્ટ્રપતિના એકતાનગર આગમન પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, ગુજરાત સરકારના પ્રોટોકોલ મંત્રી પ્રફુલ પાનશેરિયા, ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવા, નાંદોદના ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ, SSNNLના MD મુકેશ પુરી, જિલ્લા કલેક્ટર ગંગા સિંઘ અને જિલ્લા પોલીસ અધિક્ષક વિશાખા ડબરાલ સહિત રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ તથા મહાનુભાવો દ્વારા તેમનું ઉષ્માભર્યું અને ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તા.22 સપ્ટેમ્બર, 2026ના રોજ એકતાનગર ખાતે આયોજિત 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી કલાકારોને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરશે.

પલસાણામાં કાપડ ચોરીના આક્ષેપ સાથે કામદારને ફટકારી ગોંધી રખાયો

નોકરી પરથી છૂટતી વખતે ત્રણ પેન્ટ પીસ અને ત્રણ શર્ટ પીસ પગ અને ટિફિનમાં સંતાડ્યા હતા

ડોનિયર કંપનીના માલિક સહિત ૪ સામે ફરિયાદ

પલસાણા: પલસાણાના જોળવા ગામની ડોનિયર ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ કંપનીના પેકિંગ વિભાગમાં કામ કરતા એક કામદારને કાપડની ચોરી કરતાં પકડી પાડી, તેને ઢોર માર મારી બે દિવસ સુધી સિક્યુરિટી કેબિનમાં ગોંધી રાખવામાં આવ્યો હતો. આ મામલે ભોગ બનનાર કામદારે કંપનીના માલિક અને એચ.આર. મેનેજર સહિત ચાર લોકો સામે ૨૦ સપ્ટેમ્બરના રોજ પલસાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર મૂળ ઉત્તર પ્રદેશ અને હાલ જોળવા રહેતો ૩૫ વર્ષીય સમરબહાદુર માતાફેરી યાદવ ડોનિયર કંપનીમાં છેલ્લાં છ વર્ષથી નોકરી કરે છે. ગત તા.૧૮ સપ્ટેમ્બરે સાંજે સાડા સાત વાગ્યે નોકરી પરથી છૂટતી વખતે તેણે ત્રણ પેન્ટના પીસ અને ત્રણ શર્ટના પીસ પોતાના પગમાં અને ટિફિનમાં સંતાડી કંપનીમાંથી બહાર લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન સિક્યુરિટી ગેટ પર ચેકિંગમાં તેઓ પકડાઈ ગયો હતો.

સિક્યુરિટી ગાર્ડ રામસહેશ કટવરા યાદવે તેમને ગાળો આપી લાકડી વડે માર માર્યો હતો. બાદ તેને કંપનીના શેઠ અંકિત જુગાનીની ઓફિસમાં લઈ જવામાં આવ્યો હતો. ઓફિસમાં કંપનીના શેઠ અંકિત જુગાનીએ સમરબહાદુરને ગાળો આપી, તેનો ૫૦૦૦ રૂપિયાની કિંમતનો સ્માર્ટ મોબાઈલ બળજબરીથી જપ્ત કરી લીધો હતો અને લાકડી વડે હાથ-પગ પર માર માર્યો હતો. ઉપરાંત ત્યાં હાજર એચ.આર. મેનેજર યતેન્દ્રસિંગ સૂરજપાલસિંગ ખટીક અને એચ.આર. વિભાગના હિતેશભાઈ રમેશભાઈ રાઠોડે પણ તેને ગાળો આપી માર માર્યો હતો.

આટલેથી ન અટકતાં ચારેય આરોપીએ કામદારને તા.૧૮ સપ્ટેમ્બરે સાંજે ૭:૩૦ વાગ્યાથી લઈને ૨૦ સપ્ટેમ્બર બપોરે ૩ વાગ્યા સુધી સિક્યુરિટી ઓફિસમાં ગેરકાયદે ગોંધી રાખ્યો હતો. આખરે પોલીસને જાણ થતાં પોલીસે આવી કામદારને મુક્ત કરાવ્યો હતો અને ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

કુનબાર ઇકો ટુરિઝમ નજીક દીપડો કૂવામાં ખાબક્યો

ચિકદા, ભરૂચ: ડેડિયાપાડાના કુનબાર ઇકો ટુરિઝમ નજીક એક ખેતરના કૂવામાં દીપડો પડી ગયો હતો. ખેડૂતે તાત્કાલિક વન વિભાગને જાણ કરતાં વનકર્મીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. વન વિભાગની ટીમે કૂવામાં ફસાયેલા દીપડાને સુરક્ષિત રીતે બહાર કાઢવા બચાવ કામગીરી આદરી હતી. આરએફઓ રવિન્દ્રસિંહ વાઘેલાની આગેવાની હેઠળની ટીમે દીપડાને રેસ્ક્યુ કરી બહાર કાઢ્યો હતો. દીપડાને બચાવી લેતાં સ્થાનિક ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો હતો.

અંકલેશ્વરમાં ગેરકાયદે પશુ માંસ સાથે ત્રણ શખ્સ ઝડપાયા

અંકલેશ્વર:અંકલેશ્વર શહેરના કાગદીવાડ પાંચગાળા વિસ્તારમાં પોલીસે બાતમીના આધારે દરોડો પાડી ગેરકાયદે પશુના માંસનું કટિંગ કરતા 3 શખ્સને ઝડપી પાડ્યા છે. અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે લાઇસન્સ વગર દુકાનમાં કતલ અને કટિંગ કરતા મોહમદ સફી કુરેશી, મોહમદ સિદીક કુરેશી અને જીલાની કુરેશીની સ્થળ પરથી અટકાયત કરી હતી. પોલીસે ઘટના સ્થળેથી ૪.૫ કિલો પશુમાંસ (કિ.રૂ.૭૧૫), પશુનું ચામડું, માંસ કટિંગનાં સાધનો અને ઇલેક્ટ્રિક વજનકાંટો મળી કુલ રૂ.૧,૭૬૫નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે ત્રણેય સામે ગુનો નોંધી, માંસના નમૂના લઈ વધુ તપાસ હાથ ધરી છે.

સેંગપુરના તળાવમાંથી ખાનગી કંપનીને પાણી વેચાતાં ડીડીઓને રજૂઆત

અંકલેશ્વર: અંકલેશ્વરના સેંગપુર ગામે આવેલા ગામ તળાવ (રે. સરવે નં.૨૭૮)ના પાણીના કથિત ગેરકાયદે વેચાણને લઈને ખેડૂતો અને ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. આસપાસની ખેતી માટે ઉપયોગી આ તળાવમાંથી પાઈપલાઈન વાટે ખાનગી બાયોગેસ પ્લાન્ટને પાણી આપીને તાલુકા પંચાયત સભ્ય દ્વારા દર મહિને રૂ.૫૦ હજારની કમાણી કરાતી હોવાનો આક્ષેપ થયો છે. આ મુદ્દે ગ્રામજનોએ ભરૂચ જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી તપાસની માંગ કરી છે. ઉપરાંત બાયોગેસ પ્લાન્ટનું પાર્કિંગ ગેરકાયદે હોવાનો પણ દાવો કરાયો છે. સાત દિવસમાં કાર્યવાહી નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી અપાતાં મામલો ગરમાયો છે.

ભરૂચ-નર્મદામાં ગ્રેડ-૩ કર્મચારીઓની હડતાળ

ભરૂચ: ગુજરાત રાજ્ય ગ્રેડ-૩ કર્મચારી મંડળના આહવાન પર ભરૂચ અને નર્મદા જિલ્લાના કર્મચારીઓએ લાંબા સમયથી પડતર પ્રશ્નોના કાયમી ઉકેલ માટે 21 સપ્ટેમ્બરથી અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરી છે. અગાઉ 11થી 18 સપ્ટેમ્બર 'પેન ડાઉન' અને 19 સપ્ટેમ્બરે સામૂહિક રજા (માસ સીએલ) રાખવા છતાં સરકારે યોગ્ય પ્રતિસાદ ન આપતાં કર્મચારીઓએ આ પગલું ભર્યું છે. કર્મચારીઓની મુખ્ય માંગણી સર્વેયરનો ગ્રેડ-પે રૂ.2,400થી વધારીને રૂ.2,800 અને સિનિયર સર્વેયરનો ગ્રેડ-પે રૂ.2,800થી વધારીને રૂ.4,200 કરવાની છે. અગાઉ મુખ્યમંત્રી સ્તરે સૈદ્ધાંતિક મંજૂરી મળવા છતાં અમલ ન થતાં કર્મચારીઓમાં ભારે અસંતોષ છે. હડતાળના કારણે સરકારી કામગીરી ઠપ થવાની શક્યતા છે.

તાબદા-ખૈડીપાડા માર્ગ પર નાળાનું કામ અધૂરું રહેતાં ગ્રામજનોમાં રોષ

ચિકદા: ચિકદા વિસ્તારમાં તાબદાથી ખૈડીપાડા ગામને જોડતા માર્ગ પર સરકારી ગ્રાન્ટ ફાળવાયા છતાં નાળાનું કામ અધૂરું રહેતાં સ્થાનિકોમાં ભારે નારાજગી વ્યાપી છે. ૪થી ૫ વખત રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતાં તાલુકા પંચાયત સભ્ય સુનિતાબેન વસાવા તથા તાબદા સરપંચે માર્ગ અને મકાન વિભાગ, ડેડિયાપાડાને લેખિત રજૂઆત કરી છે. નાળાની અધૂરી કામગીરીને કારણે વટેમાર્ગુઓ અને ગ્રામજનો પારાવાર મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. તંત્રને ૭ દિવસમાં કામ તાત્કાલિક શરૂ કરવા અંતિમ અલ્ટિમેટમ અપાયું છે. જો કામ નહીં થાય તો બંને ગામના લોકો બાંધકામ કચેરી બહાર શાંતિપૂર્વક વિરોધ પ્રદર્શન કરશે, જેની જવાબદારી કોન્ટ્રાક્ટર અને તંત્રની રહેશે.

માંડવી પ્રાંત કચેરી ખાતે બેઠક યોજાઈ

માંડવી: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સેવા, સંકલ્પ અને સુશાસનનાં ૨૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ઉજવાઈ રહેલા વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે માંડવી પ્રાંત અધિકારીની કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. સુરત જિલ્લા પંચાયતના પ્રમુખ સમીર મોદીના અધ્યક્ષ સ્થાને આયોજિત આ બેઠકમાં આગામી કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. આ બેઠકમાં સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ રાઠોડે ઉપસ્થિતોને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે આયોજિત થનારા તમામ કાર્યક્રમોના ફોટોગ્રાફ્સ સંગઠનની 'સરળ એપ' (Saral App) પર સમયસર અપલોડ કરવા માટે કાર્યકરોને સૂચન કર્યું હતું. આ ઉપરાંત, માંડવી પ્રાંત અધિકારી એચ. જે. સોલંકી અને જિલ્લા પંચાયત પ્રમુખ સમીરભાઈ મોદીએ પણ કાર્યક્રમના સુચારુ આયોજન અને વહીવટી સંકલન અંગે વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં સુરત જિલ્લા ભાજપના મહામંત્રીઓ જગદીશ પારેખ, રોહિત પટેલ અને અંકુર દેસાઈ તેમજ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ દિનેશ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. વહીવટી પાંખમાંથી માંડવી, અરેઠ, માંગરોળ, ઉમરપાડા અને તરસાડીના મામલતદારો તથા ટીડીઓ (TDO) પણ હાજર રહ્યા હતા.

કુકરમુંડાના મોદલા ગામમાં યુવકનું ગળું દબાવી હત્યા કરનારો ઝડપાયો

કુકરમુંડા: કુકરમુંડા પોલીસ સ્ટેશન વિસ્તારના મોદલા ગામે ૧૯ સપ્ટેમ્બરે ગણપતિ વિસર્જન દરમિયાન નાચતી વખતે પગનો અંગૂઠો અડી જવાની મામૂલી બાબતે ઝઘડો થયો હતો, જેમાં મહારાષ્ટ્રના મોદલપાડાના ૨૧ વર્ષીય વિશાલ રવિન્દ્ર પાડવીએ ૨૧ વર્ષીય શંકર વળવીનું ગળું દબાવી હત્યા કરી દીધી હતી. છોડાવવા પડેલા મેહુલ વળવીને પણ ઇજા થઈ હતી. આ બનાવ અંગે ગુનો નોંધાતાં પી.આઈ. આઈ.ડી.દેસાઈની ટીમે મોલીપાડા સીમમાંથી આરોપી વિશાલ પાડવીની ૨૦ સપ્ટેમ્બરે ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.